RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૯૯● તારીખ: ૩૦-૧૦-૨૦૨૫,ગુરૂવાર● પાના : ૮ ● કિંમત : ૧.૫૦=૦૦ રૂપિયા ● વાર્ષિક લવાજમ રૂ.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# સરકાર શરત વગર ખેડૂતોનું દેવું માફ કરે... મહારાષ્ટ્રના નાગપુરમાં ખેડૂતોનું ઉગ્ર આંદોલન, હાઈવે ચક્કાજામ



મહારાષ્ટ્રના નાગપુરમાં આજે બીજા દિવસે ખેડૂતો ઉગ્ર આંદોલન કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શન પૂર્વ મંત્રી અને પ્રહાર પાર્ટીના નેતા બચ્ચુ કડુના નેતૃત્વમાં કરવામાં આવી રહ્યું છે. જ્યાં સુધી સરકાર શરત વગર ખેડૂતોનું દેવું માફ નહીં કરે, ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી છે.ઉગ્ર વિરોધ કરી રહેલા આંદોલનકારી ખેડૂતોએ નાગપુર-હૈદરાબાદ નેશનલ હાઈવે ચક્કાજામ કરી દીધો છે, જેના કારણે હાઈવે પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો છે. હાઈવે પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. બીજીતરફ પોલીસ તંત્ર આંદોલનની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.આંદોલનની આગેવાની કરી રહેલા પૂર્વ મંત્રી અને પ્રહાર પાર્ટીના નેતા બચ્ચુ કડુએ કહ્યું કે, 'અમે ખેડૂતોની વેદના અને વધતા દેવાના બોજના કારણે દેખાવો કરી રહ્યા છીએ. આંદોલનકારીઓ ઈચ્છે છે કે રાજ્ય સરકાર તાત્કાલિક પગલાં ભરે અને ખેડૂતોને રાહત આપે.આંદોલન વધુ ઉગ્ર ન બને તે માટે પોલીસ તંત્રએ સુરક્ષા-વ્યવસ્થા કડક કરી દીધી છે. હાલ પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે છે અને સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. આ ઉપરાંત હાઈવે પર જામ થયેલ ટ્રાફિક વૈકલ્પિક માર્ગ વાળવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે, ૨૦૨૩માં મહારાષ્ટ્રમાં કુલ ૨૮૫૧ ખેડૂતોએ જ્યારે ૨૦૨૪માં ૨૬૩૫ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. જ્યારે જાન્યુઆરીથી માર્ચ-૨૦૨૫ દરમિયાન ૭૬૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. વર્લ્ડ બેંકના રિપોર્ટ મુજબ, મહારાષ્ટ્રમાં કુલ બાકી કૃષિ દેવું આશરે ૨,૬૩,૨૦૩ કરોડ રૂપિયા નોંધાયું છે. અનેક ખેડૂતો દેવું કરીને ખેતરમાં પાક વાવતા હોય છે, જોકે કુદરતી આફતના કારણે અનેક વખત આ પાકને મોટાપ્રમાણમાં નુકસાન થાય છે, જેના કારણે તે ખેડૂત નિરાશ થાય છે, જેના કારણે તેઓ આત્મહત્યા કરવા મજબૂર બને છે.

# ૧ નવેમ્બરથી બદલાઈ જશે બેન્ક ખાતા અને લોકરના નિયમ, આધાર કાર્ડ ફેરફાર કરવા હવે વધુ સરળ




બૅન્ક સાથે જોડાયેલા અનેક નિયમોમાં પહેલી નવેમ્બરથી ફેરફાર થવા જઈ રહ્યા છે. દરેક ખાતાધારક માટે આ નિયમ જાણવા ખૂબ જ જરૂરી છે, જેથી બાદમાં કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે. કારણ કે, આ ફેરફારો તમારી રોજબરોજની જિંદગી પર પણ મોટી અસર પડશે. આ મુખ્ય ફેરફારમાં બૅન્ક એકાઉન્ટ અને લૉકરમાં નૉમિની સાથે જોડાયેલા બદલાવ પણ સામેલ છે. જે હેઠળ બૅન્ક ગ્રાહક હવે એક નહીં પરંતુ ચાર નૉમિની પણ રાખી શકે છે. આધાર કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને મ્યુચ્યુઅલ ફન્ડ સાથે જોડાયેલા અમુક નિયમોમાં પણ ફેરફાર થવા જઈ રહ્યો છે. બૅન્કિંગ નિયમોમાં બદલાવપહેલી નવેમ્બર, ૨૦૨૫થી બૅન્કિંગ ઍક્ટમાં એક મોટો ફેરફાર લાગુ થવા જઈ રહ્યો છે. જે હેઠળ બૅન્કિંગ લૉ સંશોધન ઍક્ટ ૨૦૨૫ અનુસાર, નોમિનેશન સાથે જોડાયેલા નિયમો લાગુ થશે. જેનાથી બૅન્ક ગ્રાહક એક નહીં પરંતુ ૪ લોકોને નૉમિની બનાવી શકે છે. ગ્રાહક કઈ નૉમિનીને સંપત્તિનો કેટલો ભાગ આપવા ઈચ્છે છે, તે પણ નોંધી શકાય છે. એફડી, આરડી અને અન્ય પ્રકારની ડિપોઝિટ માટે પણ નૉમિનીના નિયમ લાગુ થશે. આ સિવાય સિંગલ અને જોઈન્ટ એકાઉન્ટમાં પણ લાગુ પડશે. UIDAIએ આધાર કાર્ડ અપડેટ કરાવવાની પ્રક્રિયાને પણ સરળ બનાવી દીધી છે. આધાર કાર્ડ ધારકનું નામ, સરનામું, જન્મ તારીખ અને મોબાઈલ નંબર જેવી વિગતો અપડેટ કરાવવા માટે હવે આધાર કેન્દ્ર સુધી ધક્કો નહીં ખાવો પડે. કારણ કે, આ તમામ કાર્યવાહી ઘરે બેઠા ઓનલાઇન જ થઈ જશે. બાયોમેટ્રિક ફિંગરપ્રિન્ટ અથવા આંખો સ્કેન કરાવવા માટે જ ફક્ત સેન્ટર પર જવાનું રહેશે. UIDAI તમારા ડેટાને પાન કાર્ડ, રાશન કાર્ડ, મનરેગા જેવા ડેટાબેઝ સાથે આપમેળે જ વેરિફાઇ કરી લેશે. વેરિફિકેશન માટે કોઈ દસ્તાવેજ અપલોડ કરવાની જરૂર નહીં રહે. બૅન્ક લૉકરના નિયમોમાં ફેરફારબૅન્કમાં લૉકર અને સેફ કસ્ટડીના નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આમાં પણ ખાતાધારક નૉમિનીનો ક્રમવાર ઉલ્લેખ કરી શકે છે. જેનાથી સંપત્તિના હસ્તાંતરણ સંબંધિત વિવાદ ઓછો થશે અને સરળતાથી તેને ટ્રાન્સફર કરી શકાશે.

# નીતિશ માત્ર ચહેરો, સત્તાનું રિમોટ તો ભાજપના હાથમાં..- રાહુલ ગાંધી



બિહાર વિધાનસભા ચૂંટણીને લઈને તમામ પક્ષો મતદારોને રિઝવવામાં લાગી ગયા છે, ત્યારે કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે મુઝફ્ફરપુરમાં એક જંગી સભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી નીતિશ કુમાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.રાહુલ ગાંધીએ કહ્યું કે, 'આજે બિહારના યુવાનો પાસે પોતાના જ રાજ્યમાં કોઈ ભવિષ્ય બચ્યું નથી. બિહારીઓનું ભવિષ્ય બિહારમાં નથી, આ જ સત્ય છે. નીતિશ કુમાર છેલ્લા ૨૦ વર્ષથી સરકાર ચલાવી રહ્યા છે, પોતાને અત્યંત પછાત ગણાવે છે. તો પછી તમે કહો કે, તેમણે શિક્ષણ, આરોગ્ય અને રોજગાર માટે શું કર્યું?'તેમણે જનતાને સવાલ કર્યો કે, 'શું લોકો એવા રાજ્યમાં રહેવા માંગે છે, જ્યાં શિક્ષણ, આરોગ્ય અને રોજગાર જેવી પાયાની સુવિધાઓ ન મળે? કોંગ્રેસ અને અમારા સાથી પક્ષો એવા બિહારની કલ્પના કરે છે, જ્યાં દરેક યુવાનને રોજગાર મળે અને દરેક પરિવારને બહેતર શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ મળે.'મુખ્યમંત્રી નીતિશ કુમાર પર પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'નીતિશ કુમાર માત્ર ચહેરો છે, પરંતુ સત્તાનું રિમોટ કંટ્રોલ ભાજપના હાથમાં છે. તમે એવું ન વિચારો કે, ત્યાં પછાત અને દલિતોનો અવાજ સાંભળવામાં આવે છે. ત્યાં ત્રણ-ચાર લોકો બધુ કંટ્રોલ કરે છે. ભાજપ પાસે રિમોટ છે અને તેમને સામાજિક ન્યાય સાથે કોઈ લેવાદેવા નથી.'રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ધાર્મિક અને સાંસ્કૃતિક મુદ્દાઓને લઈને પણ નિશાન સાધ્યું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, 'અહીં યમુના નથી, પરંતુ તળાવ છે છતાં નરેન્દ્ર મોદી તેમાં નાહવા જતા રહ્યા. તેમને છઠ્ઠ પૂજા કે યમુનાથી કોઈ મતલબ નથી, તેમને માત્ર તમારો વોટ જોઈએ છે. જો તમે કહેશો તો તેઓ નાચશે પણ. તેઓ ચૂંટણી જીતવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે.'

# એક સમયે PM પદના દાવેદાર નીતિશ હવે CM બનશે કે નહીં, તે પણ નક્કી નથી'-અશોક ગેહલોત




બિહાર વિધાનસભા ચૂંટણી માટે એક પછી એક જનસભાઓ યોજાઈ રહી છે. આ દરમિયાન કોંગ્રેસના બિહાર વિધાનસભા ચૂંટણી પ્રભારી અને વરિષ્ઠ નેતા અશોક ગેહલોતે મુખ્યમંત્રી નીતિશ કુમાર પર આકરો કટાક્ષ કર્યો છે.ગેહલોતે આકરા પ્રહારો કરતા કહ્યું કે, 'એક સમય હતો જ્યારે નીતિશ કુમાર વડાપ્રધાન પદના દાવેદાર હતા, અને હવે ભાજપ તેમને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા પણ તૈયાર નથી. આજે નીતિશ એવી પરિસ્થિતિમાં ફસાયા છે કે, જો સરકાર બનશે તો પણ તેઓ મુખ્યમંત્રી બનશે કે નહીં, તે પણ નક્કી નથી. નીતિશે વારંવાર વિવિધ પક્ષો સાથે ગઠબંધન કરીને પોતાની રાજકીય છબીને નુકસાન પહોંચાડ્યું છે.'રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી ગેહલોતે (Rajasthan Fromer CM Ashok Gehlot) દાવો કર્યો છે કે, 'બિહારમાં મહાગઠબંધન જ જીતશે. રાજ્યમાં પરિવર્તન માત્ર મહાગઠબંધન માટે જ નહીં, પણ સમગ્ર દેશ માટે જરૂરી છે. આ માત્ર બિહારની ચૂંટણી નથી, પરંતુ સમગ્ર દેશને એક મજબૂત સંદેશ આપનારી ચૂંટણી છે. મહાગઠબંધન એકજૂટ છે અને રાહુલ ગાંધીની યાત્રા પછી બિહારનું રાજકીય વાતાવરણ સંપૂર્ણ બદલાઈ ગયું છે.'બિહારમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠક માટે બે તબક્કામાં ચૂંટણી યોજાશે. જેમાં પ્રથમ તબક્કાની ચૂંટણી ૬ નવેમ્બરના રોજ અને બીજા તબક્કાની ચૂંટણી ૧૧ નવેમ્બરના રોજ યોજાશે. બંને તબક્કા પૂર્ણ થયા બાદ ૧૪ નવેમ્બરે મત ગણતરી હાથ ધરાશે. ચૂંટણી પંચના આંકડા અનુસાર, બિહારમાં કુલ ૭.૪૩ કરોડ મતદારો છે, જેમાં આશરે ૩.૯૨ કરોડ પુરૂષ, ૩.૫૦ કરોડ મહિલા અને ૧૭૨૫ ટ્રાન્સજેન્ડર સામેલ છે. ૭.૨ લાખ દિવ્યાંગ અને ૪.૦૪ લાખ ૮૫ વર્ષથી વધુ વયજૂથના મતદારો સામેલ છે. તદુપરાંત ૧૪ હજાર મતદાર ૧૦૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવે છે. આ વર્ષે ૧૪.૦૧ લાખ યુવાનો પ્રથમ વખત મત આપશે. આ તમામ આંકડા ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીના છે. અગાઉ ૨૦૨૦માં બિહાર વિધાનસભા ચૂંટણી ત્રણ તબક્કામાં થઈ હતી. ૨૮ ઑક્ટોબર, ૨૦૨૦ના રોજ પ્રથમ તબક્કો, ૩ નવેમ્બર, ૨૦૨૦ના રોજ બીજો અને ૭ નવેમ્બર, ૨૦૨૦ના રોજ ત્રીજા તબક્કામાં ચૂંટણી પૂર્ણ થઈ હતી. જેની મત ગણતરી ૧૦ નવેમ્બર, ૨૦૨૦ના રોજ થઈ હતી.

તંત્રી લેખ......

## વિદેશી તિજોરીઓ પરથી વિશ્વાસ ઉઠ્યો! ભારતે ૬ મહિનામાં ૬૪ ટન સોનું પાછું મંગાવ્યું

દુનિયાભરમાં વધતી જતી રાજકીય ઉથલપાથલ અને નાણાકીય જોખમોની વચ્ચે ભારતીય રિઝર્વ બેંકે દેશની સંપત્તિને સુરક્ષિત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. રિઝર્વ બેંકે માત્ર છ મહિનામાં એટલે કે આ વર્ષે માર્ચથી સપ્ટેમ્બરની વચ્ચે વિદેશમાં રાખેલું પોતાનું ૬૪ ટન સોનું ભારત પાછું મંગાવી લીધું છે. વૈશ્વિક સ્તરે વધી રહેલા જોખમને જોતાં ભારત હવે પોતાની કિંમતી સંપત્તિને વિદેશી ધરતી પર રાખવાનું જોખમ લેવા માંગતું નથી.

તાજેતરના વર્ષોમાં એવી અનેક ઘટનાઓ બની છે જેણે વિદેશી તિજોરીઓની વિશ્વસનીયતા પર સવાલો ઊભા કર્યા છે. સૌથી મોટા ઉદાહરણોમાં રશિયા-યુક્રેન યુદ્ધ અને અફઘાનિસ્તાન પર તાલિબાનનો કબજો સામેલ છે. આ બંને કિસ્સાઓમાં પશ્ચિમી દેશોના G-7 સમૂહે રશિયા અને અફઘાનિસ્તાનના અબજો ડોલરના વિદેશી ચલણ ભંડારને જપ્ત કરી લીધો હતો. આ એક એવી કાર્યવાહી હતી જેણે વિશ્વભરની કેન્દ્રીય બેંકોને પોતાની સંપત્તિની સુરક્ષા વિશે વિચારવા મજબૂર કરી દીધી.

કુલ ૨૭૪ ટન સોનું ભારત પરત મંગાવ્યું

આ ઘટનાઓથી એવો ડર પેદા થયો છે કે જો કોઈ દેશ સાથે તમારા રાજકીય મતભેદો થાય તો તે તમારા જ પૈસાને તમારી વિરુદ્ધ હથિયાર તરીકે વાપરી શકે છે અથવા તેને ફ્રીઝ કરી શકે છે. આવી સ્થિતિમાં પોતાના સોનાને જે કોઈપણ દેશની સૌથી સુરક્ષિત સંપત્તિ માનવામાં આવે છે તેને પોતાની જમીન પર પોતાની તિજોરીઓમાં રાખવું જ એ સૌથી સમજદારીભર્યું પગલું છે.

રશિયા અને અફઘાનિસ્તાનના સંજોગો જોયા પછી ભારત હવે પોતાની સંપત્તિને લઈને કોઈ જોખમ લેવા માંગતું નથી. માર્ચ ૨૦૨૩થી અત્યાર સુધીમાં RBIએ વિદેશમાંથી કુલ ૨૭૪ ટન સોનું ભારત પરત મંગાવ્યું છે. જો ૩૧ માર્ચના આંકડાઓ સાથે સરખામણી કરીએ તો RBI પાસે કુલ ૮૭૯ ટન સોનું હતું, જેમાંથી ૫૧૨ ટન ભારતમાં અને ૩૪૮.૬ ટન વિદેશમાં હતું.

આ આંકડાઓની સરખામણી સ્પષ્ટપણે દર્શાવે છે કે કેવી રીતે છ મહિનાની અંદર ૬૪ ટન સોનું ભારત લાવવામાં આવ્યું છે અને વિદેશી હોલ્ડિંગ્સને ઘટાડવામાં આવી છે. સપ્ટેમ્બર ૨૦૨૫ના અંત સુધીના આંકડાઓ અનુસાર ભારતીય રિઝર્વ બેંક પાસે કુલ ૮૮૦.૮ ટન સોનું છે.

## દેવભૂમિ દ્વારકામાં માવઠાથી અસરગ્રસ્ત ખેડૂતોની મજબૂરીનો ફાયદો ઉઠાવતા વેપારીઓ સામે લૂંટની રાવ



સુરેશ આંબલીયા -દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કમોસમી વરસાદ (માવઠા) ને કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે અને તેઓ કંગાળ બની ગયા છે. આ કપરા સમયમાં, ખેડૂતો પોતાના બચેલા પાકને બચાવવા માટે પ્લાસ્ટિક કાગળ (તાલપત્રી) ની જરૂરિયાત અનુભવી રહ્યા છે.પરંતુ, કલ્યાણપુર, ખંભાળિયા અને ભાણવડ તાલુકા ના પ્લાસ્ટિક કાગળ વેચતા કેટલાક વેપારીઓ આ તકનો લાભ ઉઠાવી રહ્યા હોવાની ખેડૂતો ફરિયાદ કરી રહ્યા છે. તેઓ બમણા ભાવ વસૂલી રહ્યા છે અને મનફાવે તેવું વર્તન કરી રહ્યા છે, જે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો કરી રહ્યું છે.આ સંજોગોમાં, ખેડૂતોએ તોલ માપ વિભાગ અને જિલ્લા કલેકટર તંત્ર ને આવા તકવાદી વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવાની અપીલ કરી છે, જેથી તેમની લૂંટ અટકાવી શકાય.-અખંડ ભારત

## લાલપુર તાલુકાના નાદુરી ગામના ખેડૂતો અતિવૃષ્ટિથી કપરી હાલતમાં: સરકારી સહાયની તાત્કાલિક અપેક્ષા



કરંગીયા કરશનભાઈ -જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નાદુરી ગામના ખેડૂતો અતિવૃષ્ટિના કારણે અત્યંત કપરી આર્થિક હાલતમાં મુકાયા છે. ભારે વરસાદને લીધે ખેતી પાકોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે, જેના કારણે ખેડૂતોની આજીવિકા પર મોટો ફટકો પડ્યો છે. તમામ ખેડૂતો હાલમાં રાજ્ય સરકાર તરફથી તાત્કાલિક કોઈ સહાય જાહેર કરવામાં આવે તેની આશા સેવી રહ્યા છે, જેથી તેઓ આ સંકટમાંથી બહાર આવી શકે. તંત્ર દ્વારા ઝડપી સર્વે હાથ ધરીને સહાય ચૂકવવામાં આવે તેવી ખેડૂતોની નમ્ર અપેક્ષા છે.-અખંડ ભારત

## તાલાલા તાલુકામાં કમોસમી વરસાદથી થયેલ નુકસાનીનો તાગ મેળવાયો



બાબુભાઈ ચૌહાણ -ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકામાં કમોસમી વરસાદના કારણે ખેતી પાકોને થયેલા નુકસાનની ગંભીર સ્થિતિનો તાગ મેળવવા માટે તાલુકા પંચાયતના ઉપપ્રમુખના પ્રતિનિધિ ભાવેશભાઈ ભરડાએ પિખોર ગામના યુવાનોને સાથે રાખીને પિખોર, સેમળીયા, ગુદાળા અને જમાલપરા સહિતના ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી. ઘૂંટણસમા પાણી અને કાદવ-કીચડ વચ્ચે પણ ખેતરોમાં જઈને તેમણે સ્થળ પર જ પલળેલી મગફળીનું નિરીક્ષણ કરી ખેડૂતો પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. આ મુલાકાત બાદ, તાત્કાલિક ધોરણે સર્વેની કામગીરી પૂર્ણ કરીને અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક સહાય ચૂકવવામાં આવે તેવી લેખિત રજૂઆત ભાવેશભાઈ ભરડા દ્વારા સરકારને કરવામાં આવી છે.-અખંડ ભારત

## પડતર માગણીઓ ન સંતોષાતા રાજ્યભરની ૧૭,૦૦૦ રેશન શોપ્સની ૧લી નવેમ્બરથી વિતરણ બંધ કરવાની ચીમકી: ગાંધીનગરમાં કલેક્ટરને આવેદન



ભરત વ્યાસ -રાજ્યની અંદાજે ૧૭,૦૦૦ જેટલી ફેર પ્રાઈસ શોપ્સ (FPS) ના પ્રતિનિધિ મંડળ – ગુજરાત રાજ્ય ફેર પ્રાઈસ શોપ્સ એસોસિયેશન દ્વારા આગામી ૧ નવેમ્બરથી અનાજ વિતરણ બંધ રાખવાના એલાનને પગલે આજે ગાંધીનગર જિલ્લાના વેપારીઓએ જિલ્લા સેવા સદન ખાતે એકઠા થઈ માનનીય કલેક્ટર સાહેબશ્રીને આવેદનપત્ર સુપરત કર્યું હતું.વેપારીઓની મુખ્ય પડતર માગણીઓમાં કમિશનમાં વધારો, વજન-ઘટની સમસ્યાનો ઉકેલ, વિતરણની ટકાવારી અંગેના નિયમોમાં રાહત અને સર્વરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અધિકારીઓ દ્વારા બહાર પાડવામાં આવતા અન્યાયી પરિપત્રો થકી વેપારીઓને થતી પરેશાનીનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો. આવેદનપત્ર આપતી વખતે ગાંધીનગર જિલ્લા એસોસિયેશનના પ્રમુખ શ્રી ગોરધનભાઈ પટેલ, શ્રી નરેશભાઈ ખખ્ખર સહિત મોટી સંખ્યામાં વેપારીમિત્રો હાજર રહ્યા હતા.-અખંડ ભારત

# સમય,સંજોગો,સહકાર,સહુલિયત,સંબધો અને સ્નેહ સાથે માનવતાનું પણ વિના કારણ હેકિંગ થઈ રહ્યું છે!!

(અંક નંબર ૪૯૬)

મનખા દેહના વિશ્વાસે શ્વાસ ટકાવી રાખવાના છે આ બધા અધૂરા ઉધામા,
સંસાર સાગરની નાવને નાટકથી પાર કરવાના છે આ બધા અધૂરા ઉધામા,
અધુરી આવડતના આધારે જગને પામવાના છે આ બધા અધૂરા ઉધામા,
લાખો લાગણીઓ લુંટાવી લગીર લાભ લેવાના છે આ બધા અધૂરા ઉધામા,
પોતાનું જે નથી રહયું એજ પારકાને આપવાના છે આ બધા અધૂરા ઉધામા,
ગાઢ અંધકારમાં પૂંજ પ્રકાશનો નિહાળવાના છે આ બધા અધૂરા ઉધામા,
અંતરના અભિમાને અંતમાં 'અલખ' ઓળખવાના છે આ બધા અધૂરા ઉધામા
માનવતાની મહેક વિના મિથ્યા મનની મથામણ છે આ બધા અધૂરા ઉધામા. . .
'અલખ' શ્રી બી. એસ. પટેલ
૨૯/૧૦/૨૫

મિત્રો, જમાનો અને જગત બધુંજ બદલાઈ ગયું છે. સાહિત્યની કલમ માટે ધરોહર સમાન શબ્દો ને અજવાળે એવી સંસ્કૃતિ અને સંસ્કારો માનવ સભ્યતાથી સેંકડો જોજનો દૂર જતાં હોય તેવું લાગી રહ્યું છે......હવે એવા ×મોંઘેરા મનના માનવીઓ મળવા મુશ્કેલ બનવા લાગ્યા છે. માનવીના અંતર મનને પામી શકાય એવા માપીયા પણ ઈલેક્ટ્રોનિક્સ કાંટાની જેમ હેકિંગ વાળા થઈ ચૂક્યા છે !!!

આ સદીનો પ્રથમ ચોથો ભાગ માત્ર એક શબ્દના સહારે વધુ પડતો ચાલવા લાગ્યો છે અને એ શબ્દનું નામ છે નેટ એટલે કે ઈન્ટરનેટ ....આ શબ્દ જગતમાં અત્યાર સુધીમાં સૌથી વધુ વખત બોલીમાં વપરાયેલો શબ્દ બની ગયો છે. હવે તો કૃષ્ણની ગીતા મુજબ નથી જીવતા એજ લોકો કૃષ્ણની ગીતાના દાખલા વારંવાર ઉપયોગમાં લેવામાં પાવરધા બની ચુકયા છે. વિકૃત સ્થિતિમાં માનવની માનસિકતા જઈ રહી છે, એટલે તો આજે સાચા માનવીને ઓળખવો મુશ્કેલ બનવા લાગ્યુ છે.

હવે તો સાહિત્યની સંસદમાં શ્રેષ્ઠતા ના નિરુપણ માટે વપરાયેલ શબ્દો સાથેનો ભાગ્યેજ કોઈ ક્ષત્રિય રહયો છે જે ગૌ-બ્રાહ્મણ પ્રતિપાલ હોય અને પોતાની ફરજ સમજી આખા સમાજનું જીવના જોખમે પણ રક્ષણ કરતો હોય!

અરે,હવે કોઈ એવો બ્રાહ્મણ મળવો મુશ્કેલ છે જે સદાય અયાચક રહી ત્રિકાળસંધ્યા કરતો હોય અને ચતુર્વર્ણને નિ:શુલ્ક જ્ઞાનપ્રદાન કરતો હોય!

હાલમાં કોઈ વણિક પણ એવો રહયો નથી જે શ્રી સવા ના ધોરણે માત્ર ૨૫% નફો લઈને વ્યાપાર કરતો હોય અને કુદરતી આફતો વખતે નિ:સ્વાર્થ ભાવે સમાજ માટે ગુપ્ત રીતે દાનનો ધોધ વહાવતો હોય!



સભ્ય સમાજના માનવીને ના શોભે એવા આપણાજ તુચ્છકારી વલણો ના કારણે આજે કોઈ શુદ્ર રહ્યો નથી જે આત્માથી ચતુર્વર્ણ ની સેવા કરતો હોય અને કબીર, વાલિયા, કેવટ અને શબરીની જેમ પ્રભુભક્તિમાં તલ્લીન હોય!

સમય બદલાયો છે એટલે આજના જમાનામાં એવો કોઈ મુસ્લિમ પણ જણાતો નથી જે પાંચ-નમાજી હોય, સંપૂર્ણ હાજી હોય અને અલ્લાહ નો બંદો હોય, નેકી અને દયાના માર્ગે ચાલતો હોય!

હવે કોઈ બૌદ્ધ એવો રહયો નથી જે કરુણા, દયા, ત્યાગ, તપ અને તપસ્યાથી મેળવેલ બોધિજ્ઞાન મેળવવા વ્યસ્ત હોય, સર્વને સમાન માનતો હોય! અને જૈનો પણ સમય ના વહેણમાં એવા પાક્કા દેખાય તેમ રહયા નથી જે મન, વચન અને કર્મથી અહિંસક હોય, અપરિગ્રાહી હોય, પરોપકારી અને પરદુ:ખભંજક હોય!

અને એવો કોઈક ખ્રિસ્તી ક્યાંય દેખાતો જે જીસસ ની જેમ કરુણા અને દયાના પથ પર ચાલતો હોય, ઉપકાર કરીને કોઈનેય બોજ હેઠળ દબાવતો ના હોય!! આ તો બધુંજ હવે ભૂલાઈ ગયું છે એમ સમજો...હવે તો જવલ્લેજ કોઈ એવો માણસ છે જે ખરેખર માણસ જ હોય...???

છતાંય કહુંછું હે માનવો જગતના વ્યવહારોથી ક્યારેય નિરાશ ન થાઓ, અંધકાર ગમે તેટલો ઊંડો હોય,આશાના સમુદ્રમાં, મોજા આવતા રહે છે, જહાજો ડૂબી જાય છે, પરંતુ યાત્રા ક્યારેય અટકતી નથી. મુસાફરો તૂટી જાય છે, પરંતુ નાવિક ક્યારેય થાકતો નથી. યાત્રા જેમ ચાલુ રહે છે તેમ ચાલુ રાખો,ભગવાન દૃષ્ટિથી અને પરિસ્થિતિથી વાકેફ છે, તે હૃદયની અંદર પણ પરિસ્થિતિથી અને મુશ્કેલીના અંધકારમાં તમને પડવા દેશે નહી વિશ્વાસ કરો, ઓળખવાનો પ્રયાસ કરો. તે તમારા આંસુઓને નિરર્થક રીતે વહેવા દેશે નહી. તે તમારી આશાના ઘડાને ક્યારેય પડવા દેશે નહી. પવન ગમે તેટલો પ્રતિકૂળ હોય, તે તમને પાછા ફરવા દેશે નહી. ન્યાયના પથ્થરો ધીમે ધીમે ફરે છે, પરંતું ખૂબ જ બારીકાઈથી પીસે છે. એકનો બદલો અનેક ત્રાજવા પર તોલવામાં આવે છે.

આપની આજુબાજુ ગમે તેટલું અંધારું હોય તો પણ મૂર્ખ ન બનો... પ્રભુ સમક્ષ ઉભા થયેલા હાથ ક્યારેય ખાલી પાછા ફરતા નથી. થોડો સમય લાગે છે, હા! તે આપતા રહે છે. તે ગરીબીના વસ્ત્રોને દયાથી સુધારે છે. જો તૂટેલું વાસણ તૂટી જાય, તો તે તેને આશીર્વાદથી ભરી દે છે.ક્યારેક કોઈક હોઠે પૃથ્વી છલકાઈ જાય છે તો ક્યારેક કોઈક ના હોઠ પર કોઈ રડતી હોય.

ઈચ્છાનો દીવો તમારા હૃદયમાં રહેલી પીડાને સતત દુખવા દેશે નહી, મિત્રો! તે ક્યારેય આશાના સમુદ્રને મરવા દેશે નહી; તે તેને ક્યારેય અટકવા દેશે નહી, તે તેને ક્યારેય સ્થિર થવા દેશે નહી.જ્યારે તેની દયાનો સમુદ્ર છલકાઈ જાય છે અને ગુસ્સે ભરાય છે, ત્યારે ઉગ્ર સૂર્ય અચાનક ધ્રૂજે છે. પવન ઉગે છે, લહેરાતો હોય છે, અને વાદળો પ્રણામ કરે છે.વાદળો ઝંખતા રણ પર ફૂંકાતા રહે છે. નજર સીધી રહે છે, ફક્ત કૃપા દ્વારા. આશાનો ચમકતો દિવસ અમર રહે છે. માટે આ જમાનાથી ક્યારેય નિરાશ ન થાઓ....

કવિ પ્રકાશ જોષી પણ કહે છે...

સમયને સિદ્ધ કરવાના ઉધામા જોઈ લીધા છે, અમે
રંગીન રાતોના જમાના જોઈ લીધા છે.

ભલેને બંધ બાજી લાગતી આ શ્વાસની રમતો,
મનોબળથી ધબકતા દોસ્ત, પાના જોઈ લીધા છે.

હડી કાઢી બધુંયે પ્રાપ્ત કરવા મોરચા માંડ્યા, પછી
થાકી, ફરી બેસી, વિસામા જોઈ લીધા છે.

સમુંદર ઉછળે જો તો તરાપો ઝાલજે સરખો, અમે કાંઠે
ડુબાડે તે કિનારા જોઈ લીધા છે.

ઝઝૂમે છે ઘણાં એવા અવિરત હામ ભીડીને, સતત
ફરિયાદના લોકો,
નકામા જોઈ લીધા છે.

પ્રભુને પણ ધરે
તાંદુલ નાની પોટલીમાં
જે -અકિંચન આતમા
વાળા સુદામા જોઈ
લીધા છે.

દુનિયા તો સતત બદલાતી રહેવા માટે સર્જાઈ છે આપણે પણ એ બદલાવને સ્વીકાર કરવો રહયો.. રામે... રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ

# કમોસમી વરસાદના પગલે જૂનાગઢ જિલ્લાના પ્રવાસે રાજ્ય સરકારના મંત્રીઓ: મેંદરડામાં ખેતરોની મુલાકાત લઈ નુકસાનીનો તાગ મેળવ્યો





જયેશ વાળા -જૂનાગઢ જિલ્લામાં કમોસમી વરસાદના કારણે ખેતી પાકને થયેલા વ્યાપક નુકસાનના પગલે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજાએ આજે જિલ્લાની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો મુજબ, મંત્રીઓએ મેંદરડા તાલુકાના ખડપીપળી ગામના ખેતરોની રૂબરૂ મુલાકાત લીધી હતી અને મગફળી સહિતના પાકોમાં થયેલી નુકસાનીનું નિરીક્ષણ કર્યું હતું. આ તકે મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ખેડૂતોની રજૂઆતો સાંભળી હતી અને તેમને ખાતરી આપી હતી કે, રાજ્ય સરકાર ખેડૂતોની પડખે છે અને પાક નુકસાનીનો તાત્કાલિક સર્વે કરાવીને પૂરતી મદદ પૂરી પાડશે. મંત્રીશ્રીએ આવતીકાલે કેબિનેટમાં પ્રાથમિક અહેવાલ રજૂ કરવાની પણ વાત કરી હતી. આ મુલાકાત દરમિયાન તેમની સાથે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખ અને કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ જોડાયા હતા.-અખંડ ભારત

# નેત્રંગમાં જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી: ભંડારા સાથે પાટોત્સવ યોજાયો




હેતલબેન -નેત્રંગ ગામમાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતિ નિમિત્તે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીબજારમાં આવેલા અમરેશ્વર મહાદેવ પરિસર સ્થિત જલારામ મંદિરે બાપાની જન્મ જયંતિની સાથે ૨૫મો પાટોત્સવ પણ શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ ઉપરાંત, નેત્રંગ ગામના રાધાકૃષ્ણ મંદિર અને કાટીપાડા ગામમાં આવેલા જલારામ બાપાના મંદિરે પણ ભાવપૂર્વક જલારામ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. તમામ સ્થળોએ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો અને ધાર્મિક ઉત્સવનો લાભ લીધો હતો.-અખંડ ભારત

# ધોરાજી-ઉપલેટામાં પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ ખેડૂત પ્રશ્ને બાઇક રેલી યોજી, મામલતદારને આવેદનપત્ર આપ્યું





રાવરાણી દિપકભાઈ -ધોરાજી-ઉપલેટાના પૂર્વ ધારાસભ્ય શ્રી લલિતભાઈ વસોયાએ ખેડૂતોના વિવિધ પડતર પ્રશ્નો પર સરકારનું ધ્યાન દોરવા માટે ઉપલેટા તાલુકામાં બાઈક રેલીનું આયોજન કર્યું હતું. બિસ્માર રોડ-રસ્તા, ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં ૨૦૦ મણની મર્યાદા, કપાસ પર આયાત ડ્યુટી લગાવવા તેમજ પાક વીમા યોજના ફરી શરૂ કરવા સહિતની ખેડૂતોની મુખ્ય માગણીઓને લઈને લોકજાગૃતિ ફેલાવવામાં આવી હતી. બાઈક રેલી બાદ લલિતભાઈ વસોયા અને ઉપલેટા શહેર તથા તાલુકા કોંગ્રેસના કાર્યકરોએ સાથે મળીને મામલતદાર સાહેબને લેખિતમાં આવેદનપત્ર આપીને ખેડૂત હિતમાં તાત્કાલિક પગલાં લેવા રજૂઆત કરી હતી.-અખંડ ભારત

# જૂનાગઢમાં કમોસમી વરસાદથી પાક નુકસાની અંગે મંત્રીઓ દ્વારા બેઠક



કિશન બહેચા -સૌરાષ્ટ્રમાં પડેલા કમોસમી વરસાદના કારણે ખેતી પાકોને થયેલા નુકસાનના પગલે રાજ્ય સરકારના મંત્રીઓએ અસરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લીધી હતી. જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાની મુલાકાત લીધા બાદ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને મંત્રી પ્રદ્યુમન વાજાએ જૂનાગઢ સર્કિટ હાઉસ ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં વરસાદથી ખેતી પાકોને થયેલા નુકસાન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને મંત્રીઓએ સર્વેની કામગીરી ઝડપી અને સચોટ રીતે પૂર્ણ કરવા માટે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બેઠકમાં સાંસદ, ધારાસભ્યો, જિલ્લા ભાજપ પ્રમુખ, કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારી સહિત કૃષિ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# ભારતીય સેનાનું ગૌરવ ગંગાસિંહ રિસાલા હવે BSFના ઊંટ દળ તરીકે એકતા પરેડમાં ઝળકશે: જોધપુરથી ૫૨ ઊંટ આવ્યા





જીતેન્દ્રસિહ સોલંકી -દેશના રાષ્ટ્રીય પર્વોની શોભા વધારતું અને એક સમયે બિકાનેર રાજ્યના રાજવી ગંગાસિંહના નામ પરથી 'ગંગાસિંહ રિસાલા' તરીકે ઓળખાતું કેમલ કન્ટીન્જન્ટ હવે સીમા સુરક્ષા દળ (BSF) ની મહત્વની ટુકડી તરીકે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આયોજિત 'એકતા પરેડ'માં ભાગ લેવા તૈયાર છે. આ ઐતિહાસિક દળના ૫૨ ઊંટની બે ટુકડીઓને ખાસ વાહનોમાં જોધપુરથી એકતા નગર લાવવામાં આવી છે.૧૯૬૫માં BSFની સ્થાપના થઈ તે પહેલાં ભારતીય સેનાનો ભાગ રહેલું આ દળ, રણ પ્રદેશમાં પેટ્રોલિંગ માટે આવશ્યક છે. આ ટુકડીમાં મુખ્યત્વે દોડવામાં પાવરધા જેસલમેરી અને વજન ઊંચકવામાં સક્ષમ બિકાનેરી ઊંટનો સમાવેશ થાય છે. ઊંટને નામ આપીને એક જ સવાર દ્વારા તાલીમ અપાય છે. પરેડમાં ઊંટ સવારની લાંબી મૂછો અને કેસરી સાફા સાથેના વસ્ત્રો આકર્ષણનું કેન્દ્ર બને છે. ૧૯૮૬થી ઊંટ બેન્ડની તાલીમ પણ શરૂ થઈ હતી, જે હવે વાદ્યો સાથે પરેડમાં ભાગ લે છે. આ ઊંટની પૂંછડીના વાળને ખાસ ડિઝાઈન આપીને શણગારવામાં આવે છે. ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટ બાદ હવે એકતા પરેડમાં પણ આ ઊંટ દળ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનશે.-અખંડ ભારત

# અરવલ્લી: કમોસમી વરસાદને પગલે માલપુરના વાત્રક ડેમમાંથી નદીમાં પાણી છોડાયું



ખાતુભાઈ બારીયા -અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાંથી પસાર થતી વાત્રક નદી પરના વાત્રક ડેમમાંથી વહીવટી તંત્ર દ્વારા પાણી છોડવામાં આવ્યું છે. હાલમાં પડી રહેલા કમોસમી વરસાદના કારણે ડેમના જળસ્તરમાં અપેક્ષા કરતાં વધુ વધારો થતાં તંત્રએ તકેદારીના ભાગરૂપે નદીમાં પાણીનું વિસર્જન શરૂ કર્યું હતું.અધિકારીઓએ જણાવ્યું હતું કે, અસામાન્ય સંજોગોમાં થયેલા ભારે વરસાદને કારણે ડેમમાં પાણીનો સંગ્રહ ક્ષમતા કરતાં વધ્યો હતો, જેને પગલે નીચાણવાળા વિસ્તારોને પૂરના જોખમથી બચાવવા માટે આ નિર્ણય લેવાયો હતો. ડેમમાંથી પાણી છોડવામાં આવતાં વાત્રક નદીમાં પાણીનો પ્રવાહ વધ્યો છે, જેથી નદી કિનારાના ગામોને સાવધ રહેવા માટે સૂચના આપવામાં આવી છે.-અખંડ ભારત

# દેવગઢ બારીયા નેશનલ હાઇવે પરના બ્રિજ પર ગંભીર સમસ્યા: રેતી ભરેલા ભારે વાહનો વળવાથી ટ્રાફિક જામ, અકસ્માતનો ભય



અલ્કેશકુમાર -દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના પિપલોદથી દેવગઢ બારીયા જતા નેશનલ હાઈવે પર આવેલા એક બ્રિજ પર ટ્રાફિક અને સલામતીની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. આ બ્રિજ પરથી પસાર થતાં રેતી ભરેલા મોટા ભારે વાહનો અચાનક વળી જવાથી વારંવાર અડચણ ઊભી થાય છે. ભારે વાહનોની આ અનિયમિત ગતિ અને વળાંકને કારણે નાના વાહનોની ટ્રાફિક જામ થાય છે. સ્થાનિક વાહનચાલકો અને મુસાફરોએ તંત્રને વિનંતી કરી છે કે ભારે વાહનો નિયત અને સીધા રસ્તે ચાલે તે સુનિશ્ચિત કરવામાં આવે, જેથી અકસ્માતનો ભય ટાળી શકાય અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે.-અખંડ ભારત

# માવઠાનો માર સહન કરનાર ખેડૂતોને મળશે સહાય: ૭ દિવસમાં સર્વે પૂર્ણ કરાશે

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી વરસેલા કમોસમી વરસાદને કારણે ખેતરોમાં પાકને થયેલા ભારે નુકસાનની સ્થિતિનો તાત્કાલિક તાગ મેળવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાબડતોબ કાર્યવાહી કરી છે. સ્થિતિની સમીક્ષા અને પાક નુકસાનીનો સર્વે કરી ખેડૂતોને સહાય ચૂકવવાની સરકારે હૈયાધારણા આપી છે. આજે બુધવારે (૨૯ ઓક્ટોબર) મળેલી કેબિનેટની બેઠકમાં આ અંગેના સર્વેને આખરે મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકાર હવે કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં થયેલા નુકસાનનો સર્વે કરાવશે. આ સર્વેની કામગીરી માટે ગ્રામસેવકોને આદેશ આપવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ બેઠક બાદ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ સર્વેની કામગીરી એક અઠવાડિયામાં (૭ દિવસમાં) પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ રિપોર્ટ રજૂ કરવા આદેશ કરાયો છે.

# કાર ચાલકે બાઇકસવારને ૨ કિ.મી. સુધી ઢસડ્યો, બે યુવાનો ગંભીર રીતે ઘાયલ





રાકેશ માલિવાડ -ડામોર કિરીટભાઈ -મહીસાગર જિલ્લામાં મોડાસા-લુણાવાડા હાઈવે પર ઉમરીયા પેટ્રોલ પંપ નજીક એક ગંભીર માર્ગ અકસ્માત સામે આવ્યો છે. મોડાસા તરફથી આવી રહેલી એક કારના ચાલકે બાઇકસવારને ટક્કર મારીને બેફામ રીતે હંકારી જઈ બાઇકચાલકને કારના આગળના બોનેટના ભાગે બે કિલોમીટર સુધી ઢસડીને લાવ્યો હતો. લોકોના જણાવ્યા અનુસાર, કારમાં સવાર બે યુવકો (નબીરાઓ) વડોદરાના હોવાનું જણાયું હતું અને તેઓ ખૂબ જ પીધેલી હાલતમાં કાર હંકારી રહ્યા હતા. આ ગંભીર અકસ્માતમાં બાઇક પર સવાર બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ બાકોર પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે દારૂ પીધેલા કારચાલક સામે કડક પગલાં લેવાની કાર્યવાહી શરૂ કરી છે.-અખંડ ભારત

# લાખણી મુકામે શ્રી અખિલ આંજણા ચૌધરી પટેલ યુવા મંડળનું દિવાળી સ્નેહમિલન યોજાયું: તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું



કલ્પેશ ચૌધરી -લાખણી (બનાસકાંઠા): શ્રી અખિલ આંજણા ચૌધરી પટેલ યુવા મંડળ, બનાસકાંઠા દ્વારા લાખણી તાલુકા મુકામે ભવ્ય દિવાળી સ્નેહ મિલન અને વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંત શ્રી દયારામજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલી આ સભામાં મુખ્ય મહેમાન તરીકે પૂર્વ મંત્રી માવજીભાઈ પટેલ, પૂર્વ ચેરમેન શિક્ષણ સમિતિ માગીલાલ પટેલ અને પદ્મશ્રી ગેનાભાઇ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આંજણા ચૌધરી સમાજના મોટી સંખ્યામાં યુવાનો, વડીલો, માતાઓ અને બહેનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું, ઉપરાંત ફ્રી સર્વરોગ નિદાન કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પનું પણ સફળતાપૂર્વક આયોજન થયું હતું.-અખંડ ભારત



# જામનગરમાં જીજ્ઞેશ દાદા (રાધે-રાધે)ના વ્યાસાસને ભાગવત સપ્તાહમાં ગોવર્ધન લીલા મહોત્સવ ઉજવાયો







મનીષ પંડ્યા -જામનગર: ધર્મનગરી જામનગર ખાતે ફલિયા પરિવારના આંગણે 'શિવધામ' પટેલ વાડી ખાતે પ્રખ્યાત કથાકાર શ્રી જીજ્ઞેશ દાદા (રાધે-રાધે)ના વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. કથાના પાંચમા દિવસે ગોવર્ધન લીલા, છપ્પન ભોગ અને મનોરથ જેવા પવિત્ર પ્રસંગોની ઉજવણી કરવામાં આવી હતી. આ ધર્મમય પ્રસંગે જામનગરના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક, પૂર્વ મંત્રી વસુબેન ત્રિવેદી, પૂર્વ કેબિનેટ મંત્રી આર.સી. ફળદુ, જિલ્લા ભાજપ પ્રમુખ વિનોદભાઈ ભંડેરી સહિતના અનેક રાજકીય નેતાઓ અને મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાવિકોએ ઉપસ્થિત રહી કથાશ્રવણનો લાભ લીધો હતો.-અખંડ ભારત

# રાપર પો.સ્ટે. વિસ્તારમાં પ્રેમસંબંધના વહેમમાં યુવાનની હત્યા: પૂર્વ-કચ્છ પોલીસે ગણતરીના કલાકોમાં હત્યારાને દબોચી લીધો





જયેશ ગુંસાઇ -પૂર્વ-કચ્છ, ગાંધીધામ પોલીસને મોટી સફળતા મળી છે. રાપર તાલુકાના ત્રંબો ગામે પ્રેમસંબંધના વહેમમાં થયેલા હત્યાના ગુનાનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખી એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસ મહાનિરીક્ષક શ્રી ચીરાગ કોરડીયા સાહેબ અને પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમાર સાહેબની સૂચનાના આધારે એલ.સી.બી. (LCB) અને ભચાઉ ડિવિઝનની ટીમોએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું.બનાવની વિગત એવી છે કે, ગત તા. ૨૭/૧૦/૨૦૨૫ ના રોજ રાપરના ત્રંબો ગામે રહેતા ધનસુખ નારણભાઈ ડોડીયાની હત્યા કરવામાં આવી હતી. આ કેસના આરોપી ભરત કેશાભાઈ કોલી (ઉ.વ. ૨૩, રહે. ત્રંબો) ને શંકા હતી કે મરણ જનારને તેની કાકાની દીકરી સાથે પ્રેમસંબંધ છે. આ વહેમમાં આરોપીએ રાપર જઈ રહેલા ધનસુખ પર પાછળથી આવી લોખંડના પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું.હત્યા બાદ નાસી ગયેલા આરોપીને પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી રાતભર મહેનત કરી ગણતરીના કલાકોમાં રાપર ખાતેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે ગુનામાં વપરાયેલો લોખંડનો સળિયો, મોટરસાઇકલ (GJ-12-AC-1071) અને એલ્યુમિનિયમનું દૂધ ભરવાનું કેન સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) તથા અનુસૂચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ કલમ-૩(૨)(૫) હેઠળ ગુનો નોંધી આગળની તપાસ નાયબ પોલીસ અધિક્ષક શ્રી સાગર સાંબડા સાહેબ (ભચાઉ વિભાગ) દ્વારા ચલાવવામાં આવી રહી છે.-અખંડ ભારત

# ધનસુરાના FPS દુકાનદારોની સરકારને ચીમકી, વિવાદાસ્પદ પરિપત્ર રદ કરવા મામલતદારને આવેદન અપાયું



યુસુફ કલાલ -અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના સસ્તા અનાજના દુકાનદારોએ તેમની વર્ષોથી પડતર માગણીઓ તેમજ પુરવઠા વિભાગના એક વિવાદાસ્પદ પરિપત્રના વિરોધમાં સ્થાનિક મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું છે. દુકાનદારોની મુખ્ય માગણીઓમાં અપૂરતું અને અનિયમિત કમિશન, માલની ઘટ, ફાટેલા કટ્ટામાં માલ આવવો અને નેટ-સર્વરના પ્રશ્નોનો સમાવેશ થાય છે. સૌથી મોટો વિરોધ તકેદારી સમિતિના ૮૦% સભ્યોની બાયોમેટ્રિક હાજરી સાથે જથ્થો ઉતારવાના 'વાહિયાત' પરિપત્ર સામે છે. રાજ્ય એસોસિયેશન મારફતે સરકારે માગણીઓ ન સ્વીકારે તો ૧ નવેમ્બર, ૨૦૨૫થી અનાજનું વિતરણ બંધ કરવાની અને નવેમ્બર માસના ચલણ જનરેટ ન કરવાની ચીમકી આપવામાં આવી છે. ગ્રાહકોને સમયસર માલ મળે તે માટે સરકારે ઝડપથી હકારાત્મક નિર્ણય લેવો જરૂરી છે, અન્યથા દુકાનદારોની હડતાળ યથાવત રહેશે.-અખંડ ભારત

# દસાડા વિધાનસભામાં નૂતન વર્ષનું સ્નેહમિલન: કાર્યકરોને સ્નેહથી સંગઠનનો સંકલ્પ દોહરાવાયો




ગોસ્વામી અંકિતાબેન - સુરેન્દ્રનગર દસાડા વિધાનસભા ક્ષેત્રમાં નૂતન વર્ષના શુભ અવસરે ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.દસાડા તાલુકાના વણોદ ખાતે આવેલા ભીમનાથ મહાદેવ મંદિરના પાવન પરિસરમાં આ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમ વણોદ જિલ્લા પંચાયત સીટ અંતર્ગત યોજાયો હતો, જ્યાં ભાજપના કાર્યકરો અને આગેવાનો એકઠા થયા હતા.

આ સ્નેહમિલન સમારોહમાં પૂર્વ મંત્રી શ્રી બ્રિજેશ મેરજા જી વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું મુખ્ય સંબોધન ૬૦-દસાડા, લખતર અને નળ કાંઠા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય શ્રી પી.કે. પરમાર સાહેબે કર્યું હતું. તેમણે પાર્ટીના કર્મઠ કાર્યકર્તાઓને સંબોધિત કરીને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.આ પ્રસંગે, ભારતીય જનતા પાર્ટીના સંકલ્પ સ્નેહથી સંગઠન, સંગઠનથી સેવા ને દોહરાવવામાં આવ્યો હતો અને આવનારા વર્ષમાં લોકોની સેવા કરવાના સંકલ્પ સાથે કાર્યકરોમાં નવો ઉત્સાહ જગાવવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા ભાજપના વિવિધ હોદ્દેદારો, આગેવાનો અને મોટી સંખ્યામાં કર્મઠ કાર્યકર્તાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# વલસાડ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી: ખેડૂતોને પાક સંરક્ષણ માટે તકેદારી રાખવા અનુરોધ



ચંદ્રવદન મકવાણા - વલસાડ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહીને પગલે ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને તેમના પાકને નુકસાનથી બચાવવા માટે જરૂરી તકેદારીના પગલાં લેવા અપીલ કરવામાં આવી છે.માહિતી વિભાગ, વલસાડ દ્વારા તારીખ ૨૮ ઓક્ટોબરના રોજ ૪:૧૫ કલાકે પ્રસિદ્ધ કરાયેલી યાદી મુજબ, હવામાન વિભાગે ૧ નવેમ્બર, ૨૦૨૫ સુધી વલસાડ જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કે ભારે વરસાદની આગાહી કરી છે.આ આગાહીના અનુસંધાને, જિલ્લાના ખેતીવાડી અધિકારીશ્રી ચંદ્રવદન બી. મકવાણાએ ખેડૂતોને અનુરોધ કર્યો છે કે કમોસમી વરસાદથી પાકને નુકસાન ન થાય તે માટે તાત્કાલિક પગલાં લેવામાં આવે.કાપણી કરેલો પાક: ખેતરમાં કાપણી કરીને રાખેલા પાકને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવો અથવા પ્લાસ્ટિકના તાડપત્રીથી સારી રીતે ઢાંકી દેવો.જંતુનાશક દવાઓ: વરસાદની સંભાવના હોવાથી હાલ પૂરતો જંતુનાશક દવાનો ઉપયોગ કરવાનું ટાળવું.ખાતર અને બિયારણ: ખાતર અને બિયારણના જથ્થાને પાણીથી સુરક્ષિત રહે તે રીતે ગોડાઉનમાં સુરક્ષિત રાખવો.વધુમાં, APMC (એપીએમસી)ના વેપારીઓ અને ખેડૂતોને પણ અનાજ અને અન્ય ખેત પેદાશોને સુરક્ષિત રાખવા માટે આગોતરા પગલાં લેવાની સૂચના આપવામાં આવી છે.વધારે માહિતી અને માર્ગદર્શન માટે ખેડૂતોને કિસાન કોલ સેન્ટર પર સંપર્ક કરવા જણાવાયું છે.-અખંડ ભારત

# સાગબારા ફેરપ્રાઇઝ શોપ એસોસિએશનનો ૧લી નવેમ્બરથી અનાજ વિતરણ નહીં કરવાનો નિર્ણય: પડતર માંગણીઓ ન સંતોષાતા અસહકારનું આંદોલન

અશ્વિન વસાવા -ગુજરાત રાજ્ય ફેરપ્રાઈઝ શોપ એન્ડ કેરોસીન લાઇસન્સ હોલ્ડર્સ એસોસિએશનના રાજ્યવ્યાપી આદેશના ભાગરૂપે, સાગબારા તાલુકા ફેરપ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા આજે મામલતદાર સાહેબશ્રીને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.ગુજરાત રાજ્યના ૧૭ હજાર પરવાનેદારોની માફક, સાગબારા એસોસિએશનના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી અને અન્ય સભ્યોએ ગાંધી ચિંધ્યા માર્ગે અસહકારનું આંદોલન શરૂ કરવાની જાહેરાત કરી છે.

લાંબા સમયથી સરકારશ્રીના પુરવઠા મંત્રીશ્રી અને અધિકારીઓ સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં, નીચે મુજબની ગંભીર પડતર માંગણીઓનો નિકાલ ન થતાં, પરવાનેદારોએ તા. ૧લી નવેમ્બર, ૨૦૨૫ થી અનાજ વિતરણ બંધ રાખવાનો નિર્ણય લીધો છે:




મોંઘવારીને ધ્યાનમાં રાખીને કમિશનમાં વધારો કરવો.

ઈ-પ્રોફાઈલ સિસ્ટમમાં તકેદારી સહાયકનો ઉમેરો કરવો.

સિંગલ ફિંગરપ્રિન્ટ દ્વારા બે બિલ બને તેવી વ્યવસ્થા.

સમિતિના સભ્યોના ૮૦% બાયોમેટ્રિક વેરિફિકેશનના પરિપત્રને રદ કરવો.સમયસર કમિશનની ચૂકવણી અને ટેકનિકલ/વહીવટી પ્રશ્નોનું નિરાકરણ લાવવું.આવેદનપત્ર આપીને સાગબારા તાલુકા એસોસિએશને રાજ્યવ્યાપી અસહકારના આંદોલનને વેગ આપ્યો છે.-અખંડ ભારત

# સાવરકુંડલામાં કમોસમી વરસાદથી થયેલા નુકસાનની મંત્રીઓ-સાંસદે લીધી મુલાકાત; સહાય માટે સૂચના



પ્રશાંતકુમાર -સૌરાષ્ટ્ર સહિત અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં તાજેતરમાં થયેલા કમોસમી વરસાદને પગલે ખેડૂતોને થયેલા ભારે નુકસાનના આંકલન માટે તારીખ ૨૮/૧૦/૨૦૨૫ ના રોજ રાજકીય નેતાઓની ટીમે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. વરસાદ થંભ્યા બાદ ગુજરાત સરકારના મંત્રી, સાંસદ અને ધારાસભ્યએ ખેતરોની મુલાકાત લઈને પાકની વર્તમાન સ્થિતિનું નજરે નિરીક્ષણ કર્યું હતું.આ મુલાકાતનો મુખ્ય હેતુ ખેડૂતોની હાલની કપરી પરિસ્થિતિ જાણવાનો હતો. આ તકે રાજ્ય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી હાજર રહ્યા હતા. નેતાઓએ તંત્રને સ્પષ્ટ સૂચના આપી હતી કે, ખેડૂતોને વધુમાં વધુ રાહત અને સહાય મળે તે માટે જરૂરી પગલાં તાત્કાલિક લેવામાં આવે. ખેડૂતોને કેટલું વળતર આપવામાં આવે છે તે આવનારા સમયમાં સ્પષ્ટ થશે.-અખંડ ભારત



# રાપર ખાતે વાગડ સેનાની સ્થાપના: વંચિતોને સહાય અને શિક્ષણ પહોંચાડવાનો લક્ષ્યાંક

સુરેશ ચૌહાણ -કચ્છના રાપર ખાતે આજરોજ રાપર બજાર સમિતિ, મોમાઈ નગર, ખાતે યોજાયેલી એક બેઠકમાં 'વાગડ સેના' નામક સેવા સંગઠનની સ્થાપના કરવામાં આવી છે. મોમાઈ માના સાનિધ્યમાં શ્રીફળ વધારીને આ સેનાની સ્થાપના કરાઈ હતી, જેના સ્થાપક રામજીભાઈ બી. રાજપૂત છે.વાગડ સેનાનો મુખ્ય ઉદ્દેશ વિવિધ સરકારી યોજનાઓ અને શિક્ષણના લાભો સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો છે.

શ્રમિકો અને ડ્રાઈવરોને યોગ્ય માન-સન્માન મળે.

જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ મળી રહે.

વૃદ્ધોને વૃદ્ધ સહાય અને વિધવા બહેનોને ગંગા સ્વરૂપ સહાયનો લાભ મળે.

દિવ્યાંગ (અપંગ), સૂરદાસ અને માતા-પિતા વિનાના નિરાધાર બાળકોને સહાય પૂરી પાડવી.




સ્થાપકોએ જણાવ્યું હતું કે વાગડ સેનાના માધ્યમથી આવા અનેક નિરાધાર લોકો માટે કાર્ય કરવાનો અવસર મળશે. આ સ્થાપના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા, અને આગામી સમયમાં હજારો લોકો આ સેવા કાર્યમાં સહભાગી બને તેવી અપેક્ષા વ્યક્ત કરાઈ છે.-અખંડ ભારત

# તલોદના રોઝડ CNG પંપ પર કારમાં અચાનક આગ, મોટી દુર્ઘટના ટળી





સંજીવ શર્મા -સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રોઝડ ગામ પાસે અમદાવાદ-મોડાસા હાઈવે પર આવેલા CNG પમ્પ પર આજે બપોરે એક કારમાં ગેસ ભરાવતી વખતે અચાનક આગ લાગી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.કારચાલક સમયસર કારમાંથી બહાર નીકળી જતાં કોઈ જાનહાનિ થઈ નથી.પેટ્રોલ પમ્પના માલિક નરેન્દ્રભાઈ પટેલ અને સ્ટાફે તાત્કાલિક ફાયર સેફ્ટી સાધનો અને પાણીનો ઉપયોગ કરીને આગ બુઝાવવાના પ્રયાસો કર્યા હતા.સ્થાનિક લોકો અને પમ્પ સ્ટાફની સમયસૂચકતાના કારણે મોટું નુકસાન થતું અટક્યું અને આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી.-અખંડ ભારત

# પર્યટકોના પ્રતિભાવો અને ઉમળકો સમગ્ર એકતાનગર જોઈને પ્રવાસીઓ પ્રવાસનને નવો વેગ આપી રહ્યા છે

જીતેન્દ્રસિંહ સોલંકી- લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે એકતાનગર ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં ૩૧મી ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા પરેડ ૨૦૨૫ની ભવ્ય ઉજવણી થનાર છે.ઉજવણી પૂર્વે એકતાનગર ખાતે સતત વધી રહેલા પર્યટકોનો ઉમળકો સમગ્ર પ્રવાસન વિસ્તારના વિકાસને નવો વેગ પ્રવાસીઓના ઘસારા મુલાકાતથી મળી રહ્યો છે. પર્યટકોના સકારાત્મક પ્રતિભાવ સોશિયલ મીડિયા અને વિવિધ માધ્યમો દ્વારા પ્રસરી રહ્યાં છે, ત્યારે સુરતના ધવલભાઈ ગોલાણીએ પણ માધ્યમો સાથે સંવાદ સાધીને અહીંની સ્વચ્છતા, સુવિધા અને રાષ્ટ્રીય એકતા દિવસની તૈયારીઓને લઈને પોતાના પ્રતિભાવો મુક્ત મને આપ્યાં છે.શ્રી ગોલાણીએ જણાવ્યું કે, હું પરિવાર સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ આસપાસના પ્રકલ્પોની મુલાકાતે આવ્યા હતા. લોહપુરુષ સરદાર સાહેબની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા ખરેખર અદભૂત છે. અહીંની સ્વચ્છતા અને પ્રવાસન સુવિધાઓ અપ્રતિમ છે. રા. એ. દિ. ૨૦૨૫ ની તૈયારીઓ પણ શાનદાર છે. જોઈને ખુબ ખુશી થઈ આવા રાષ્ટ્રીય કાર્યક્રમની ઉજવણી અહી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં થવાની છે, તેનો અમને ગુજરાતી તરીકે ગર્વ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા એકતાનગર ખાતે પર્યટન સુવિધાઓમાં સતત વધારો, ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી સુધારણા અને પ્રાકૃતિક-પ્રવાસનનો નોંધપાત્ર વિકાસ પ્રયટકોને આકર્ષી રહ્યો છે.



જેની અનુભૂતિ એકતાનગર ખાતે આવેલા અયોધ્યાના પર્યટકશ્રી રોશનલાલ સિંધીએ પણ વર્ણવી છે. અયોધ્યાથી આવેલા પર્યટકશ્રી રોશનલાલ સિંધીએ કહ્યું કે, ભારતને એકતાંતણે જોડવામાં સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકા મહત્વપૂર્ણ રહી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ એક ભારત, શ્રેષ્ઠ ભારતના મંત્રને સાકાર કરવા માટે પરિણામલક્ષી પ્રયાસો કર્યા છે, જેના પરિણામસ્વરૂપ સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર વિવિધ વિકાસકીય પ્રકલ્પોથી ફાલ્યુ ફૂલ્યુ છે. અહી દેશ-વિદેશના પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવે છે. આપણે હવે વિકસિત ભારતની દિશામાં આગળ વધી રહ્યાં છે, તેમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ અત્યંત નોંધપાત્ર છે. ગુજરાત અને સમગ્ર દેશનો વિકાસ જોઈને અમને ગર્વ થાય છે.-અખંડ ભારત

# BAPSના મિશન રાજીપો અંતર્ગત વિશ્વભરના ૧૫,૬૬૬ બાળ-બાલિકાઓએ સત્સંગ દીક્ષા ગ્રંથના ૩૧૫ શ્લોક કંઠસ્થ કર્યા





સંજીવ શર્મા - બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આસ્થાભર્યા અભિયાન 'મિશન રાજીપો' અંતર્ગત સમગ્ર વિશ્વમાં મોટી સિદ્ધિ હાંસલ થઈ છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા રચિત 'સત્સંગ દીક્ષા' ગ્રંથના સંસ્કૃતિ, સંસ્કાર અને શિસ્તના મૂલ્યો સમાયેલા ૩૧૫ શ્લોકો વિશ્વના ૮,૫૦૦થી વધુ કેન્દ્રોના કુલ ૧૫,૬૬૬ બાળ-બાલિકાઓએ કંઠસ્થ કરી અનોખી આધ્યાત્મિક સાધના પૂર્ણ કરી છે.

વર્ષ ૨૦૨૪ની દિવાળીથી શરૂ થયેલા આ અભિયાનમાં ભારતમાંથી ૧૩,૬૭૪ અને વિદેશમાંથી ૧,૯૯૨ બાળકો જોડાયા હતા. અભિયાનની પૂર્ણાહુતિ નિમિત્તે ૨૮ અને ૨૯ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ બી.એ.પી.એસ. મંદિર ગોંડલ ખાતે પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાનિધ્યમાં વિશાળ સમારોહ યોજાઈ રહ્યો છે, જેમાં બાળક વિદ્વાનોનું સન્માન કરાશે. આ સાથે, હિંમતનગર બી.એ.પી.એસ. મંદિરે પણ ૨૮ ઓક્ટોબરે સાબરકાંઠા જિલ્લાના ૨૧૨ બાળકોએ 'સત્સંગ દીક્ષા હોમાત્મક યજ્ઞ'માં ભાગ લીધો હતો. પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી ૩ થી ૧૮ વર્ષની વયના બાળકો પ્રમુખસ્વામી મહારાજના સંદેશને અનુસરીને આજના યુગના 'શાંતિના દૂત' બની રહ્યા છે.-અખંડ ભારત

## ખેરગામના રૂઝવણીમાં શ્રી જલારામ બાપાના મંદિરે જન્મ જયંતીની ભવ્ય ઉજવણી



ઉત્તમભાઈ પટેલ -ખેરગામ તાલુકાના રૂઝવણી ગામે વર્ષ ૧૯૯૪ (સંવત ૨૦૫૧) માં સ્થાપિત શ્રી જલારામ મંદિરે આજે સંત શ્રી જલારામ બાપાની જન્મ જયંતીની ધાર્મિક ભાવના સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિરની તે સમયથી ચાલી આવતી પરંપરા અનુસાર, આ પાવન દિવસે સમુહ કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ કથામાં ભાગ લઈને પૂજા-અર્ચના કરી હતી અને જલારામ બાપા સૌને સુખ-સમૃદ્ધિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી. પૂજાના સમાપન બાદ તમામ ભક્તજનોએ સાથે મળીને મહાપ્રસાદ (ભંડારો) ગ્રહણ કરી આ ભવ્ય કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.-અખંડ ભારત

## ધારીસણા ફીડરમાં વારંવાર ટ્રિપીગની સમસ્યાને પગલે વિજ ધારકો પરેશાન



ઠાકોર રાજેન્દ્ર -આજ રોજ રખિયાલ સ્થિત G.E.B. (ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ) કચેરી ખાતે ખેડૂત આગેવાનો દ્વારા વીજળીની સમસ્યા અંગે આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. ધારીસના ફીડર પર આધારિત અંગુથલા, જવાનપુરા અને ધારીસના સહિતના ગામોના ખેડૂતોએ વીજળીના અનિયમિત પાવર કટ અને ટ્રિપિંગ (વોલ્ટેજમાં વધઘટ) ની ગંભીર સમસ્યા અંગે રજૂઆત કરી હતી. ખેડૂત આગેવાનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો આ સમસ્યાનો ટૂંક સમયમાં નિરાકરણ લાવવામાં નહી આવે, તો તેઓ આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન શરૂ કરશે. 'જય જવાન, જય કિસાન' ના નારા સાથે ખેડૂતોએ તંત્રને તેમની મુશ્કેલીઓનો તાત્કાલિક ઉકેલ લાવવા માટે અપીલ કરી છે.-અખંડ ભારત

## જંબુસરમાં જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતી મહોત્સવની ભવ્ય ઉજવણી



દિવ્યમ દવે - જંબુસર નગરમાં સંત શિરોમણી જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતી મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થયું હતું. વહેલી સવારે જલારામ મંદિરેથી પ્રભાત ફેરી નીકળી હતી, ત્યારબાદ આરતી અને પાદુકા પૂજનના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મહોત્સવનું મુખ્ય આકર્ષણ સવારે ૧૧:૦૦ વાગે નીકળેલી ભવ્ય શોભાયાત્રા રહી હતી, જેણે ગણેશ ચોક, પોલીસ સ્ટેશન અને મેઈન બજાર સહિતના માર્ગો પર ફરીને ભક્તિમય માહોલ સર્જ્યો હતો. શોભાયાત્રાની પૂર્ણાહુતિ બાદ તમામ ભાવિક ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. આ ભવ્ય આયોજનમાં જંબુસરના ધારાસભ્ય શ્રી ડી.કે. સ્વામી, પૂર્વ ધારાસભ્ય શ્રી સંજયભાઈ સોલંકી, એ.પી.એમ.સી.ના ચેરમેન શ્રી વનરાજસિંહ મોરી સહિતના રાજકીય અને સામાજિક અગ્રાણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવનું મુખ્ય આયોજન સ્વ. જેન્તીભાઈ રમણલાલ ઠક્કર તથા મેસર્સ.મણિલાલ રેવાદાસ ઠક્કરના પરિવારે કર્યું હતું.-અખંડ ભારત

## ઘોઘા તાલુકામાં રેશન એસોસિયેશન દ્વારા પડતર માગણીઓ સંદર્ભે મામલતદારને આવેદનપત્ર અપાયું



દિપક સોલંકી -તાજેતરમાં રાજ્યભરના રેશન શોપના સંચાલકો દ્વારા કરવામાં આવેલી પડતર માગણીઓના અનુસંધાને, આજે તા. ૨૮/૧૦/૨૦૨૫ ના રોજ ઘોઘા તાલુકાના રેશન એસોસિયેશનના સભ્યો દ્વારા સ્થાનિક મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. રેશન એસોસિયેશન દ્વારા કમિશન વધારવા, વજન-ઘટની સમસ્યા હળવી કરવા અને વિતરણ પ્રક્રિયાને સરળ બનાવવા સહિતના વિવિધ મુદ્દાઓ પર સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. મામલતદાર સાહેબને આવેદનપત્ર આપીને રેશન એસોસિયેશને તેમની માગણીઓનો ઝડપી અને હકારાત્મક ઉકેલ લાવવા માટે વિનંતી કરી હતી.-અખંડ ભારત

## કમોસમી વરસાદથી થયેલ નુકસાની અંગે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો





જનકરાય ટીલાવત - જૂનાગઢ જિલ્લાના માળિયા અને માંગરોળ તાલુકામાં તાજેતરમાં પડેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાન અંગે ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ કરગઠિયાએ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને રજૂઆત કરી છે. ધારાસભ્યશ્રીએ પત્રમાં જણાવ્યું છે કે, કમોસમી વરસાદને કારણે સોયાબીન અને મગફળી જેવા મુખ્ય પાકો તેમજ માલઢોરનો ચારો પણ સાવ બગડીને નાશ પામ્યો છે. ખેડૂતોની આ કપરી સ્થિતિને ધ્યાનમાં રાખીને, ધારાસભ્યશ્રીએ સરકાર દ્વારા ઝડપી સર્વે કરાવીને ખેડૂતોને નુકસાનીની ભરપાઈ થાય તે માટે સહાય અને વળતર તાત્કાલિક ચૂકવવામાં આવે તેવી માંગણી કરી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા સાંસદે પણ આ જ બાબતે મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી.-અખંડ ભારત

## સાવરકુંડલામાં સંત શ્રી જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતીની ધામધૂમથી ઉજવણી



પ્રશાંતકુમાર -અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં પરમ પૂજ્ય સંત શ્રી જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતી નિમિત્તે ભક્તિમય વાતાવરણમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આજના પાવન દિવસે, સૌ રઘુવંશી સમાજના લોકોએ પોતપોતાના વેપાર-ધંધા બંધ રાખી બાપાની ભક્તિમાં લીન થયા હતા. સાવર વિભાગમાં આવેલા જલારામ બાપાના મંદિરેથી રામ નામ મેલીન હૈ દેખત સબ મેરામ ના જયઘોષ સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રા સંગેડીયા બજાર, મેઈન બજાર, નાવલી નદી બજાર અને દેવડા ગેટ સહિતના મુખ્ય માર્ગો પર ફરી વળી હતી. શોભાયાત્રામાં સૌ ભાવિકોએ રામ નામની ધૂન સાથે ઉત્સાહ અને આનંદ વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

## ખેરગામમાં શ્રી રામજી મંદિર સંકુલ ખાતે જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતીની ઉજવણી



ઉત્તમભાઈ પટેલ - ખેરગામ તાલુકામાં આવેલા શ્રી રામજી મંદિર ટ્રસ્ટ સંચાલિત મંદિર સંકુલમાં સ્થિત જલારામ બાપાના મંદિરે બાપાની ૨૨૬મી જન્મ જયંતીની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ સત્યનારાયણ ભગવાન શ્રીની કથામાં ભાગ લીધો હતો અને પૂજા-અર્ચના કરી હતી. શ્રદ્ધાળુઓએ જલારામ બાપાના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા અને ત્યારબાદ સૌએ સાથે મળીને મહાપ્રસાદ (ભંડારો) ગ્રહણ કરીને ધાર્મિક કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી. સમગ્ર મંદિર સંકુલમાં આસ્થા અને ભક્તિનો માહોલ છવાયો હતો.-અખંડ ભારત

## ડાંગ જિલ્લા કલેક્ટર કચેરીમાં નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ




ઘિસારામ ચૌધરી -ડાંગ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં આજે અધિક નિવાસી કલેક્ટર ડો. વી. કે. જોષીના અધ્યક્ષ સ્થાને નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તેમજ પંડિત દીન દયાળ ગ્રાહક ભંડાર પર દેખરેખ રાખવા માટેની જિલ્લા તકેદારી સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં વાજબી ભાવના દુકાનદારો દ્વારા જથ્થો સમયસર ઉપાડવા, આવશ્યક ચીજવસ્તુઓનું અધિકૃત રેશનકાર્ડ ધારકોને યોગ્ય વિતરણ થાય છે કે કેમ, જેવા કાયદાઓના અમલીકરણની નિયમિત દેખરેખ અંગે ચર્ચા થઈ હતી. જ્યારે નાગરિક પુરવઠા સમિતિમાં જિલ્લાના ગોડાઉન ખાતેના જથ્થાની ઉપલબ્ધિ અને અન્ન સલામતી કાયદા હેઠળ અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબોને મળવાપાત્ર જથ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, ગ્રાહકોના પ્રશ્નો અને ગ્રાહક સુરક્ષા કેસોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા પુરવઠા અધિકારી શ્રી યુ.વી. પટેલ દ્વારા બેઠકની કાર્યવાહી સંભાળવામાં આવી હતી.-અખંડ ભારત

## દિયોદર ફેર પ્રાઈઝ એસોસિયેશનનું આંદોલનનું રણશિંગુઃ પડતર માગણીઓ નહીં સ્વીકારાય તો ૧ નવેમ્બરથી અચોક્કસ મુદતની હડતાળની ચીમકી



કલ્પેશ બારોટ -દિયોદર તાલુકા ફેર પ્રાઈઝ શોપ એસોસિયેશનના સંચાલકોએ તેમની વિવિધ લાંબા સમયથી પડતર માગણીઓ અંગે સરકાર સમક્ષ વિરોધ નોંધાવ્યો છે. બુધવારના રોજ મોટી સંખ્યામાં સંચાલકોએ દિયોદર મામલતદાર કચેરી ખાતે એકઠા થઈ મામલતદાર સાહેબને આવેદનપત્ર પાઠવી આંદોલનનું રણશિંગુ ફૂંક્યું છે. એસોસિયેશન દ્વારા લેખિત આવેદનપત્રમાં સ્પષ્ટ જણાવાયું છે કે, રાજ્ય એસોસિયેશન દ્વારા અનેક વખત રજૂઆત કરવા છતાં તેમની માગણીઓનો કોઈ સકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી. માગણીઓની સતત ઉપેક્ષા થવાથી દુઃખી થઈ, એસોસિયેશને નવેમ્બર-૨૦૨૫ માસનો રેશનનો જથ્થો નહી ભરવાનું અને તા. ૦૧/૧૧/૨૦૨૫ થી અસહકાર આંદોલન પર ઊતરવાનું નિશ્ચિત કર્યું છે. જો માગણીઓ સંતોષવામાં નહી આવે તો નવેમ્બર મહિનામાં અચોક્કસ મુદતની હડતાળ પાડવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.-અખંડ ભારત

## પ્રતાપપુરામાં ૧૨ ફૂટ લાંબા અને ૨૮ કિલો વજન ધરાવતા મહાકાય અજગરનું સફળ રેસ્ક્યુ કરાયું



મનુભાઈ વણકર -દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકા (દેવગઢ બારિયા) ના પ્રતાપપુરા ગામે આવેલા વાવડી ફળિયાના એક પાણીના કોતર પાસે મહાકાય અજગર હોવાની જાણ થતાં સ્થાનિકોમાં કુતૂહલ અને ભય ફેલાયો હતો. આ અંગે પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદના સર્પ રેસ્ક્યુઅર ચિરાગ તલાટી અને તેમની ટીમને જાણ થતાં તેઓ વનવિભાગ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. રેસ્ક્યુ ટીમે આશરે ૧૨ ફૂટ લંબાઈ અને ૨૮ કિલોગ્રામ વજન ધરાવતા આ વિશાળ અજગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. અજગરને કોઈપણ જાતની ઈજા પહોંચાડ્યા વિના તેને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં તેના કુદરતી વાતાવરણમાં છોડી દેવામાં આવ્યો હતો. આ કામગીરીમાં શેખ અબ્દુલ કાદિર ઉર્ફ ભઈલુ દુબઈ અને સ્થાનિક વનવિભાગ પણ જોડાયું હતું.-અખંડ ભારત

## કાગર્યામાળ ગામે ક્લસ્ટર બેઝ તાલીમમાં ખેડૂતોને જીવામૃત બનાવવાની પ્રેક્ટિકલ સમજ અપાઈ



ઘિસારામ ચૌધરી -ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના કાગર્યામાળ ગામે ખેડૂત માસ્ટર ટ્રેનર દ્વારા 'ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિ તાલીમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને રાસાયણિક ખાતરના વધતા ખર્ચમાંથી રાહત આપવાનો અને જમીનની ઉત્પાદકતા જાળવી રાખવાનો છે. તાલીમ દરમિયાન ખેડૂતોને જીવામૃત, ઘન જીવામૃત અને બીજામૃત જેવી જૈવિક દવાઓની બનાવટ, તેના ઉપયોગ, સ્થાનિક સ્તરે ઉપલબ્ધ કીટક નિયંત્રણના ઉપાયો અને રસાયણ મુક્ત ખેતીના આરોગ્યલક્ષી ફાયદા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતો તુરંત અમલ કરી શકે તે માટે પ્રેક્ટિકલ કામગીરી પણ કરાવવામાં આવી હતી. ડાંગ જિલ્લાના દરેક તાલુકાના ખેડૂતો આ તાલીમમાં ઉત્સાહપૂર્વક જોડાઈને પરંપરાગત ખેતીમાંથી પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે હકારાત્મક પ્રતિસાદ આપી રહ્યા છે.-અખંડ ભારત

## તલોદ માર્કેટિંગ યાર્ડમાં આપનો હલ્લાબોલઃ ખેડૂતોના અનાજમાં કડદો અને ભાવમાં લૂંટ મુદ્દે વિરોધ નોંધાવી તાત્કાલિક સહાયની માંગ



કુંવરસિહ ચૌહાણ - સાબરકાંઠા જિલ્લાના તલોદ માર્કેટિંગ યાર્ડમાં આજે આમ આદમી પાર્ટી (AAP)ની તાલુકા ટીમે ખેડૂતોના અનાજમાં કરદો (કડદો) અને ઓછા ભાવે ખરીદીના ગંભીર મુદ્દે પૂરા જોશથી અવાજ ઉઠાવી આંદોલન કર્યું હતું. AAP દ્વારા વેપારીઓ દ્વારા ખેડૂતોને થતી ખુલ્લી લૂંટ અંગે સવાલો ઉઠાવવામાં આવ્યા હતા, જેમાં યાર્ડના બોર્ડ પર ૧૨૦૦ થી ૧૫૦૦ નો ભાવ હોવા છતાં અનાજની ખરીદી માત્ર ૮૦૦ થી ૧૦૦૦ માં થતી હોવાનો આક્ષેપ કરાયો હતો. આ લડત અંતર્ગત AAPના જિલ્લા પ્રમુખ શ્રી હિતેન્દ્રસિંહ પરમાર અને તલોદ તાલુકા પ્રમુખ રણજીતસિંહ સોલંકી સહિત કાર્યકર્તાઓએ ખેડૂતો સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. તેમણે માર્કેટિંગ યાર્ડ અને હરસોલ ખાતે બેનરો લગાવીને ખેડૂતોને પડતી મુશ્કેલી અંગે વોટ્સએપ દ્વારા રજૂઆત કરવા માટે એક નંબર પણ જાહેર કર્યો હતો. AAP દ્વારા ખેડૂતોને તેમના હકની લડાઈમાં પૂરતી સહાય મળે તેવી માગણી કરવામાં આવી છે.-અખંડ ભારત

# અરવલ્લીના ખેડૂત નરેશભાઈ પટેલે તાઈવાન જામફળની બાગાયતી ખેતી અપનાવી: લાખોની આવક સાથે ૧૫થી વધુ લોકોને રોજગારી પૂરી પાડી





ત્રિલોક પંડ્યા -ગુજરાતના અરવલ્લી જિલ્લાના સાઠંબા તાલુકાના હઠીપુરા ગામના પ્રગતિશીલ ખેડૂત નરેશભાઈ પટેલે પરંપરાગત ખેતીને બદલે બાગાયતી ખેતી અપનાવીને સફળતાનું નવું ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે ગુજરાત સરકારના બાગાયત વિભાગની સબસિડીનો લાભ લઈને માત્ર ત્રણ વીઘા જમીનમાં તાઈવાન જાતના જામફળની ખેતી શરૂ કરી છે.જામફળની ઉચ્ચ ગુણવત્તા અને બજારમાં ઊંચી માંગને કારણે નરેશભાઈ પટેલ દર વર્ષે લાખો રૂપિયાની આવક મેળવી રહ્યા છે. આર્થિક સમૃદ્ધિની સાથે સાથે તેઓ ૧૫ થી ૨૦ સ્થાનિક લોકોને સીધી રોજગારી પણ પૂરી પાડીને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં યોગદાન આપી રહ્યા છે. નરેશભાઈએ જણાવ્યું હતું કે, સરકારી સબસિડી અને મારી મહેનતના કારણે આજે હું ગામના અન્ય લોકોનું પણ ભરણપોષણ કરી રહ્યો છું. તેમની આ સફળતા આસપાસના અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની છે.-અખંડ ભારત

## ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદના નુકસાન અંગે સમીક્ષા બેઠક: કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં સર્વેનો રિપોર્ટ તૈયાર કરવા સૂચના



વિકાસ ચોઈથાની -ભાવનગર: ભાવનગર જિલ્લામાં તાજેતરમાં કમોસમી વરસાદના કારણે ખેતી પાકને થયેલા નુકસાન અંગે કલેક્ટર કચેરી ખાતે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં રાજ્યના કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને કેન્દ્રીય રાજ્ય મંત્રી તથા ભાવનગર-બોટાદ લોકસભાના સાંસદ શ્રીમતી નિમૂબેન બાંભણિયા જી વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.મંત્રીશ્રીએ સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી હતી કે, કોઈ પણ અસરગ્રસ્ત ખેડૂત સહાયમાંથી વંચિત ન રહે અને સર્વેનો રિપોર્ટ યોગ્ય રીતે તૈયાર થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવે. બેઠકમાં જિલ્લામાં થયેલું નુકસાન, કાપણી બાદ ખેતરમાં સૂકાવેલા પાકની સ્થિતિ, સેટેલાઈટ આધારિત સર્વે અને સ્થળ પરના સર્વે અંગે ચર્ચા કરવામાં આવી હતી. સરકાર ખેડૂતોની પડખે જ ઊભી છે, અને નુકસાની અંગેનો સંકલિત રિપોર્ટ ઝડપથી તૈયાર કરવા અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.-અખંડ ભારત

## કોંગ્રેસ દ્વારા ભિલોડા, મેઘરજ અને બાયડ મામલતદારને આવેદનપત્ર આપી તાત્કાલિક સહાય પેકેજની માંગ



યુસુફ કલાલ -અરવલ્લી: અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોના ઊભા પાકને ભારે નુકસાન પહોંચ્યું છે. ખાસ કરીને ભિલોડા, મેઘરજ, ધનસુરા અને બાયડ તાલુકાના વિસ્તારોમાં મગફળી, તુવેર, કપાસ, મકાઈ, સોયાબીન અને ડાંગર સહિતના પાકો મોટા પાયે બરબાદ થયા છે.આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભિલોડા, મેઘરજ અને બાયડ તાલુકા કોંગ્રેસ સમિતિઓ દ્વારા તાલુકા પ્રમુખોની આગેવાનીમાં મામલતદારશ્રીઓને આવેદનપત્રો આપવામાં આવ્યા હતા. આવેદનપત્રમાં તાત્કાલિક અસરથી પાકનું સર્વે કામ શરૂ કરવા અને નુકસાન પામેલા ખેડૂતોને યોગ્ય સહાય પેકેજ ચૂકવવાની જોરદાર માગણી કરવામાં આવી હતી. કોંગ્રેસના આગેવાનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો સરકાર દ્વારા તાત્કાલિક સર્વે કરીને સહાય જાહેર નહીં કરવામાં આવે, તો કોંગ્રેસ પક્ષ ખેડૂતોના હિતમાં આક્રમક આંદોલન શરૂ કરશે.-અખંડ ભારત

## ભાવનગરના એરપોર્ટ રોડ પર દુર્ઘટના: દિવાળી વેકેશનમાં આવેલી ૧૯ વર્ષીય યુવતીનું છઠ્ઠા માળેથી પટકાતા કરુણ મોત



વિકાસભાઈ ચોઈથાની -ભાવનગરના એરપોર્ટ રોડ વિસ્તારમાં એક દુર્ઘટનાજનક બનાવ સામે આવ્યો છે. સુરતથી દિવાળી વેકેશન ગાળવા આવેલી ૧૯ વર્ષીય યુવતીનું છઠ્ઠા માળેથી નીચે પટકાતા કરુણ મોત નીપજ્યું હતું.આ સમગ્ર દુર્ઘટના પાર્કિંગમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થળ પર લોકોની ભીડ ઉમટી પડી હતી. બનાવની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને યુવતીના મૃતદેહને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પોસ્ટમોર્ટમ (પી.એમ.) અર્થે હોસ્પિટલ મોકલી આપ્યો હતો. પોલીસે અકસ્માતના આ બનાવની વધુ તપાસ હાથ ધરી છે.-અખંડ ભારત

## પાવાગઢમાં સફાઈ કર્મચારીઓની ત્રણ દિવસથી હડતાળ: નવા દરનો અમલ ન થતાં કામગીરી ખોરંભે, યાત્રાધામમાં ગંદકીના ઢગ






સોની હેમંતકુમાર -પંચમહાલ જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે છેલ્લા ત્રણ દિવસથી કોન્ટ્રાક્ટ આધારિત સફાઈ કર્મચારીઓ હડતાળ પર ઊતર્યા છે. કર્મચારીઓ દ્વારા સરકાર દ્વારા નક્કી કરાયેલા નવા દરનો અમલ કરવાની માગણી કરવામાં આવી રહી છે, કારણ કે તેમને હાલમાં જૂનો ૩૨૦ નો જ દર ચૂકવવામાં આવી રહ્યો છે.વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટર દ્વારા આ મામલે યોગ્ય પગલાં ન લેવાતા કર્મચારીઓએ કામ બંધ કરી દીધું છે. સફાઈ કર્મચારીઓની આ હડતાળના કારણે પાવાગઢ ડુંગર ઉપરની સફાઈનું કામકાજ સંપૂર્ણપણે ખોરંભે પડ્યું છે. પવિત્ર યાત્રાધામમાં જગ્યાએ જગ્યાએ ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે, જેના કારણે યાત્રાળુઓ અને સ્થાનિક લોકો મુશ્કેલીમાં મુકાયા છે. સ્વચ્છતા વ્યવસ્થાની ચિંતાજનક સ્થિતિને પગલે આ બાબતે સરકાર ક્યારે હસ્તક્ષેપ કરશે અને કર્મચારીઓને નવા દર મુજબ ચૂકવણી કરવામાં આવશે કે કેમ, તે એક મોટો પ્રશ્ન ઊભો થયો છે.-અખંડ ભારત

## બાવળા ખાતે જુના જલારામ મંદિરે ભવ્ય શોભાયાત્રા અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન: ભક્તિ અને સેવાનો અનોખો સમન્વય



શૈલેષ પ્રજાપતિ -બાવળા તાલુકાના અમદાવાદ—બગોદરા હાઈવે પર સ્થિત જુના જલારામ મંદિર ખાતે આજે સંત શિરોમણી જલારામ બાપાના આશીર્વાદ સાથે ભવ્ય શોભાયાત્રા અને બ્લડ ડોનેશન કેમ્પનું ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે વિસ્તારના અનેક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ધન્યતા અનુભવી હતી.આ શોભાયાત્રાનું આયોજન ભૂમિના દાતાશ્રી રૂખડભાઈ રબારી, પંકજભાઈ ભરવાડ, ચિનુભાઈ મુધવા અને ગોપાલભાઈ ભરવાડ સહિતના મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું, જેના મુખ્ય આયોજક જલાભાઈ ઠક્કર હતા. શોભાયાત્રા દરમિયાન ભજન-કીર્તન, આરતી અને પ્રસાદ વિતરણનું પણ આયોજન થયું હતું. મુખ્ય આયોજકે જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો હેતુ લોકોમાં સૌહાર્દ, સેવા અને ભક્તિનો સંદેશ ફેલાવવાનો છે, જેના કારણે સમગ્ર વિસ્તાર હરિધુનના સ્વરોથી ગુંજી ઊઠ્યો હતો.-અખંડ ભારત

## ધોરાજી ખાતે જલારામ બાપાના જન્મ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી



રાવરાણી દિપકભાઈ -ધોરાજી ખાતે આજે, બુધવાર, તા. ૨૯/૧૦/૨૦૨૫ ના રોજ સંત શ્રી જલારામ બાપાના ૨૨૬મા જન્મ જયંતિ મહોત્સવની લુહાણા સમાજ દ્વારા ભવ્યથી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે સવારે ૮:૩૦ કલાકે પૂજન અને ૧૦:૩૦ કલાકે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો.મહોત્સવના ભાગરૂપે બપોરે ૪:૩૦ કલાકે બાલધાના ચોરાથી બાઈક રેલી અને કાર રેલી નીકળી હતી, જે મેઈન બજારમાંથી પસાર થઈ જલારામ બાપાના મંદિરે પૂર્ણ થઈ હતી. ત્યારબાદ સાંજે ૫:૩૦ કલાકે ભવ્ય રીતે જન્મ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ બાદ તમામ ભક્તજનોએ સાથે મળીને મહાપ્રસાદનો લાભ લીધો હતો. રાત્રે ૯:૩૦ કલાકે થળિયા હનુમાન ધૂન મંડળ દ્વારા ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. લુહાણા સમાજના વ્યક્તિઓએ આ ભવ્ય આયોજન કરીને ધન્યતા અનુભવી હતી.-અખંડ ભારત

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697